StudySite.org ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ (જા.ક્ર. ૧૧૮/૦૭-૦૮) તા. ૨૩ StudySite.org

This Question Booklet Contains 16 Printed Pages

# C

Subjective

# ZEN-2

*ZEN-2*

| | |
|---|---|
| સમય : 50 મિનિટ | Time : 50 Minutes |
| કુલ પ્રશ્નો : 100 | Total Que. : 100 |
| કુલ ગુણ : 200 | Total Marks : 200 |

BOOKLET SR. NO.

0063

ઉમેદવારનો સીટ નંબર

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

## ઉમેદવારોને સૂચના

(01) આ પ્રશ્નપુસ્તિકામાં કુલ **100** પ્રશ્નો છે. દરેકના સરખા ગુણ છે. બધા પ્રશ્નોના જવાબ આપો. તમારા કુલ ગુણનો આધાર તમે જેટલા સાચા ઉત્તરો આપ્યા હશે તેની સંખ્યા ઉપર રહેશે.

(02) **1થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચુક બદલાવી લેવી.**

(03) **આ પાના ઉપર આપનો બેઠક નંબર લખો.**

(04) **આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહિ, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.**

(05) પરીક્ષાર્થીઓને પરીક્ષાખંડ/હૉલમાં, પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલ પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, પેપર, મોબાઈલ-સેલ ફોન કે કોઈ પણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.

(06) પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા આપને **કોમ્પ્યુટરાઈઝડ ખાસ પ્રકારની જવાબવહી** આપવામાં આવશે. ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો ઉમેદવાર ફોજદારી ગુનાને પાત્ર બનશે. સૌ પ્રથમ આપે જવાબવહી ઉપર દર્શાવેલ નિયત ખાનામાં (English) અંગ્રેજીમાં પરીક્ષાનું નામ, પરીક્ષાની તારીખ, કેન્દ્ર, જન્મતારીખ, પરીક્ષાર્થીનું નામ (અટક પહેલાં લખવી), રોલ નંબર (બેઠક નંબર) તથા વિષય ફક્ત ભૂરી (Blue) અથવા કાળી (Black) શાહીની બોલપેનથી (English) અંગ્રેજીમાં લખીને નિયત ખાનામાં પોતાની સહી કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. જો વિગતો ભરવામાં નહિ આવે તો આપની જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે. **જવાબવહીના પાછળના ભાગમાં રોલ નંબર (બેઠક નંબર), પ્રશ્નપુસ્તિકા સીરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબરના ખાનામાં લાગુ પડતી સાચી વિગતો ફક્ત ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી જ વર્તુળ પૂરેપૂરું ડાર્ક કરીને (encode) કરીને આપવી.**

(07) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં **A, B, C, D** વિકલ્પો આપેલા છે. તેમાંથી સાચો વિકલ્પ શોધી જવાબવહીમાં સંબંધિત પ્રશ્નના ક્રમ નીચે આપેલ **A, B, C કે Dના વર્તુળને પૂરેપૂરુ ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ ''શૂન્ય'' ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.**

ઉદાહરણ તરીકે :

ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે ?

Ⓐ Ⓑ ● Ⓓ

(A) મહારાષ્ટ્ર (B) તામીલનાડુ

(C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ

આ ઉદાહરણમાં સાચો જવાબ (C) છે. આથી (C)નું વર્તુળ ડાર્ક (**encode**) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં **''ગુજરાત''** લખવું નહિ.

(08) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.

(09) **આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી.** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કંઈ પણ રફવર્ક કરવું નહિ. **પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.**

(10) પ્રશ્નપુસ્તિકાના કોઈ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઈ છે.

(11) **પરીક્ષાખંડ છોડતા પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઈ જઈ શકશે.**

(12) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ZE / 1128 ÷ 4 / PKT-47 / ABCD / 0408

StudySite.org StudySite.org

StudySite.org StudySite.org



1 બોર્ડના અધ્યક્ષને બોર્ડની સભા તાકીદે બોલાવવી પડે તેમ છે. કઈ કલમના આધારે બોલાવી શકશે ?

(A) વિનિયમ કલમ 3-2-(4)
(B) વિનિયમ કલમ 10-4
(C) વિનિયમ કલમ 4
(D) વિનિયમ કલમ 3-10

2 માધ્યમિક શિક્ષણ બોર્ડનો તમામ પત્રવ્યવહાર અધ્યક્ષ વતી સેક્રેટરી વિનિયમની કઈ કલમના આધારે કરે છે ?

(A) કલમ 5-1
(B) કલમ 6-2
(C) કલમ 3-1
(D) કલમ 4-1(ઘ)

3 ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમના આધારે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો તૈયાર થયા છે ?

(A) કલમ 48-2
(B) કલમ 53-54
(C) કલમ 47-1
(D) કલમ 52-3

4 માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ઉપાધ્યક્ષ 10 વરસથી સેવા આપે છે. આ સમયગાળો અધિનિયમની કઈ કલમના આધારે વાજબી ઠરતો નથી. જણાવો.

(A) કલમ 6(1)
(B) કલમ 3(2)
(C) કલમ 5(2)
(D) કલમ 4(3)

5 બોર્ડે રજિસ્ટર કરેલ ખાનગી માધ્યમિક શાળાઓમાં હેડમાસ્તર, શિક્ષકો, બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યો તરીકે નીમવાની વ્યક્તિઓની ભરતી અને વર્તણૂક તથા શિસ્ત સહિત તેમની નોકરીની શરતોનું નિયમન અધિનિયમની કઈ કલમથી કરવાનું ઠરાવેલ છે ?

(A) કલમ 33(3)
(B) 33(4)
(C) 34(2)
(D) 34-1(ખ)

6 રજિસ્ટર થયેલા ખાનગી માધ્યમિક શાળાના સંચાલક શાળા બંધ કરવાની તારીખથી 4 માસ પહેલાં નોટિસ આપે છે. આ નોટિસ અધિનિયમની કઈ કલમ સાથે સુસંગત નથી ?

(A) કલમ 43
(B) કલમ 42
(C) કલમ 45(3)
(D) કલમ 44(1)

7 માધ્યમિક શિક્ષણ બોર્ડ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષે તૈયાર કરેલ સૂચિમાંથી પાંચ સભ્યો કઈ સમિતિ માટે પસંદ કરે છે ?

(A) પરીક્ષા સમિતિ
(B) શિક્ષણ સમિતિ
(C) નાણાં સમિતિ
(D) અભ્યાસ સમિતિ



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

8 રજિસ્ટર થયેલ શાળાના સંચાલક મંડળ શૈક્ષણિક વર્ષ શરૂ થવાના 2 માસે સંસ્થા વધતા વર્ગ વધારાની અરજી સાદર કરે છે. કઈ કલમ સમય મર્યાદા બાંધે છે ?

(A) કલમ 10-2(ખ) (B) કલમ 10-1(ક)
(C) કલમ 10-1(ખ) (D) કલમ 9-4(ક)

9 જૂનથી મે સુધીનું શૈક્ષણિક વર્ષ વાળી શાળાનો વિદ્યાર્થી જાન્યુઆરીથી ડિસેમ્બરનું શૈક્ષણિક વર્ષ ધરાવતી શાળામાં પ્રવેશ ઇચ્છે છે. શાળાની વાર્ષિક પરીક્ષામાં કેટલા ટકા કામના દિવસોમાં હાજરી આપી હોય તો પરીક્ષા આપી શકે ?

(A) 80% હાજરી (B) 70% હાજરી
(C) 75% હાજરી (D) 65% હાજરી

10 વિનિયમ કલમ 19(3)ની સૂચિ પ્રમાણે 1200 વિદ્યાર્થીની સંખ્યાવાળી સ્કૂલને કેટલા પટાવાળા મળે ?

(A) પાંચ પટાવાળા (B) સાત પટાવાળા
(C) ચાર પટાવાળા (D) છ પટાવાળા

11 બોર્ડ પોતાની કામગીરી માટે બીજી સમિતિઓમાં બોર્ડનો સભ્ય ન હોય તેવી વ્યક્તિની નિમણૂક કરે છે. આ કાર્યને અધિનિયમની કઈ કલમથી સમર્થન મળે છે ?

(A) કલમ 18-(1) (B) કલમ 18-(5)
(C) કલમ 20-(1) (D) કલમ 17-(45)

12 મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 - કલમ 15 પ્રમાણે સ્કૂલબોર્ડ કાર્યસંચાલન માટે ક્યારે ક્યારે મળશે ?

(A) દર બે માસે (B) દર માસે એકવાર
(C) દર ત્રણ માસે (D) દર ચાર માસે

13 પ્રાથમિક શિક્ષણ વિનિયમ 17 પ્રમાણે સ્કૂલ બોર્ડના 14 કરતાં વધુ સભ્યો હોય તેનું કોરમ કેટલા સભ્યનું ગણાય ?

(A) 7 સભ્યો (B) 6 સભ્યો
(C) 5 સભ્યો (D) 4 સભ્યો

14 સ્કૂલ બોર્ડની મિટિંગમાં સરખા મત મળે ત્યારે અધ્યક્ષનું સ્થાન લેનારને નિર્ણાયક મત આપવાનો અધિકાર છે

(A) વિનિયમ કલમ 25 (B) વિનિયમ કલમ 26
(C) વિનિયમ કલમ 27 (D) વિનિયમ કલમ 25(3)



StudySite.org StudySite.org

StudySite.org
15 અધિનિયમની કલમ 20 મુજબના સ્ટાફને જિલ્લા, સ્કૂલબોર્ડ નગરપાલિકા, સરકારી કે ખાનગી સંસ્થાને પરસ્પરની શરતોએ લોન પર કર્મચારીની સેવા આપી શકશે અથવા સોંપી શકશે. આ જોગવાઈ કઈ કલમમાં થાય છે ?
(A) કલમ 40 (B) કલમ 40 (B)
(C) કલમ 39(1) (D) કલમ 41 (ગ)

16 ફરજિયાત શિક્ષણ યોજના અંતર્ગત બાળકનું શાળાનું અંતર 1 માઈલથી વધવું ન જોઈએ. આ જોગવાઈની ભલામણ કઈ કલમમાં કરવામાં આવી છે ?
(A) કલમ 86 (B) કલમ 89
(C) કલમ 88 (D) આમાંથી કોઈ પણ નહીં

17 'અધિકૃત નગરપાલિકા' એટલે તેના વિસ્તારમાંની તમામ માન્ય શાળાઓનું નિયંત્રણ કરવા રાજ્ય સરકારે અધિકૃત કરેલી નગરપાલિકા. કઈ કલમથી વ્યાખ્યા બંધાણી છે ?
(A) કલમ 2 (B) કલમ 2(4)
(C) કલમ 2(6) (D) કલમ 2(7)

18 પ્રાથમિક શાળાના શિક્ષકોની ફરજોની યાદી નિયમોની કઈ કલમમાં દર્શાવવામાં આવી છે ?
(A) 70 કલમ (B) 70 (ક)
(C) 71 કલમ (D) 69 કલમ

19 પ્રાથમિક શિક્ષક તરફથી આવેલ અપીલ - વહીવટી અધિકારીએ સ્કૂલબોર્ડના ચેરમેન તથા જિલ્લા શિક્ષણ અધિકારીને પોતાના શેરા સાથે કેટલા દિવસમાં સાદર કરવી જોઈએ ?
(A) 30 દિવસ (B) 45 દિવસ
(C) 21 દિવસ (D) 31 દિવસ

20 સ્કૂલ બોર્ડના અધ્યક્ષ અને જિલ્લા શિક્ષણાધિકારી વચ્ચે અપીલ બાબત મતભેદ પડે તો જિલ્લા શિક્ષણા ધિકારીએ મતભેદની હકીકત અને મુદ્દાઓના નિરૂપણ સહિત રિપોર્ટ કોને કરવો ?
(A) રાજ્યની ટ્રિબ્યુનલને (B) ઉચ્ચ શિક્ષણ કમિશનરને
(C) શિક્ષણ સચિવને (D) પ્રાથમિક શિક્ષણ નિયામકને

21 સ્કૂલ બોર્ડના 24 વર્ષના સભ્યને ગેરલાયક ઠરાવવામાં આવે છે. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમના આધારે ગેરલાયક ઠરાવેલ હશે ?
(A) કલમ 5 (કક) (B) કલમ 5 (ગ)
(C) કલમ 5 (ઘ) (D) કલમ 5 (જ)

22 રજિસ્ટર થયેલ માધ્યમિક શાળાએ નિરીક્ષણ માટે વિદ્યાર્થીને લગતાં રજિસ્ટર, સ્ટાફને લગતા રજિસ્ટર, શાળાને લગતાં રજિસ્ટર રાખવા જોઈશે તેવી યાદી વિનિયમની કઈ કલમમાં દર્શાવી છે ?
(A) કલમ 29 (B) કલમ 33
(C) કલમ 37 (D) કલમ 38


StudySite.org StudySite.org StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

23 જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં સેવા અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્યના સંકલન માટે કઈ શાખા કાર્યરત છે ?

(A) CMDE (B) DRU

(C) PSTE (D) IFIC.

24 ફરજિયાત શિક્ષણની બંધારણની કઈ કલમમાં જોગવાઈ છે ?

(A) 47 (B) 41

(C) 45 (D) 42

25 શિક્ષણક્ષેત્રના ગુણવત્તા સુધારણાના અસરકારક મુખ્યક્ષેત્ર કોને ગણશો ?

(A) ઉત્સવની ઉજવણી

(B) મૂલ્યાંકનનું સંચાલન

(C) વાલી અધ્યાપક સંમેલન

(D) અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને સહ અભ્યાસ પ્રવૃત્તિઓ

26 સર્વશિક્ષા અભિયાન અંતર્ગત શાળાઓને શાળામાં કામ નહીં આપતા સાધનોને બદલવા માટે કેટલી રકમનો અધિકાર આપવામાં આવે છે ?

(A) 2,000 રૂ. (B) 500 રૂ.

(C) 1,000 રૂ. (D) 1,500 રૂ.

27 કયા મુખ્ય સિદ્ધાંત પર રાષ્ટ્રીય શિક્ષણનીતિનું નિર્માણ થયું છે ?

(A) રાજ્ય રાજ્ય વચ્ચે સુમેળ ઊભો થાય.

(B) શિક્ષણ એ વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું એક વિશિષ્ટ રોકાણ છે.

(C) ભણેલ નાગરિક સમાજ ઉપયોગી કામ કરી શકે.

(D) સમજદાર માણસો પેદા થાય.

28 પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં કેટલા ટકા મહિલા શિક્ષકોની ભરતી કરવાની જોગવાઈ છે ?

(A) 42% (B) 28%

(C) 35% (D) 30%

29 નવી શિક્ષણનીતિમાં પરીક્ષા પદ્ધતિમાં સુધારણાની કઈ બાબત અમલી બનાવવાની ભલામણ કરી છે ?

(A) ગ્રેડિંગ પદ્ધતિનો અમલ કરવો (B) સર્વગ્રાહી મૂલ્યાંકન

(C) વારંવાર કસોટીઓ લેવી (D) પરીક્ષા વિહીન વર્ગ વ્યવસ્થા

StudySite.org



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

30 જિલ્લા/રાજ્ય કક્ષાએ પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટેના વિજ્ઞાનમેળાનું આયોજન રાજ્ય સ્તરે નીચેનામાંથી કઈ કચેરી કરે છે ?
(A) મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી - ગાંધીનગર
(B) ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી - ગાંધીનગર
(C) માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બૉર્ડ - ગાંધીનગર
(D) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ - ગાંધીનગર

31 રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં મૂલ્ય શિક્ષણ પર શા માટે ભાર મૂકેલ છે ?
(A) અભ્યાસક્રમ સહેલો બનાવવા
(B) આંતરવિગ્રહ પર રોક હોવાથી
(C) સમાજમાં મૂલ્યોનું ધોવાણ અને વધતી દોષારોપણ વૃત્તિ
(D) ધાર્મિક લાગણી ઘવાય છે

32 જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષકોની ભરતી સમિતિની સભ્ય સંખ્યા છે
(A) ચાર (B) છ
(C) પાંચ (D) ત્રણ

33 સંશોધન શિષ્યવૃત્તિ યોજનાની નીચેના પૈકી કઈ સંસ્થા દ્વારા કામગીરી કરવામાં આવે છે ?
(A) મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી - ગાંધીનગર
(B) ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી - ગાંધીનગર
(C) રાજ્ય પરીક્ષા બૉર્ડ - ગાંધીનગર
(D) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બૉર્ડ - ગાંધીનગર

StudySite.org

34 રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં અધ્યેતાકેન્દ્રી શિક્ષણની ભલામણ નીચેના કયા કારણસર કરી ?
(A) શાળાઓનું પરિણામ ઊંચું લાવવા
(B) શિક્ષકનું કામ સહેલું કરવા
(C) વાલીઓનો સહકાર મેળવવા
(D) ગોખણપટ્ટીવાળું શિક્ષણ દૂર કરવા

35 બોર્ડ આગામી નાણાકીય વર્ષ માટેના આવક-જાવક ખર્ચના અંદાજો તૈયાર કરી રાજ્ય સરકારને નાણાકીય વર્ષની શરૂઆતના કેટલા સમય પહેલાં રજૂ કરવા જોઈએ ?
(A) છ મહિના અગાઉ (B) ત્રણ મહિના અગાઉ
(C) બે મહિના અગાઉ (D) ચાર મહિના અગાઉ

36 રાષ્ટ્રીય શિક્ષણ નીતિની સમજ અને તાલીમની મુખ્ય કામગીરી કઈ સંસ્થા કરે છે ?
(A) G.C.E.R.T. (B) D.I.E.T.
(C) N.C.E.R.T. (D) N.C.T.E.



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

37 નગરપાલિકાની પ્રાથમિક શિક્ષકોની ભરતી સમિતિમાં કેટલા સભ્યો હોય છે ?
(A) પાંચ (B) ચાર
(C) ત્રણ (D) છ

38 રાજ્ય સરકાર અધિનિયમની કઈ કલમથી મળેલ સત્તાનો ઉપયોગ બોર્ડે આપેલ સલાહ સૂચનોમાં સુધારા આદેશ કરી શકે ?
(A) કલમ 48 (B) કલમ 47
(C) કલમ 46 (D) કલમ 49

39 મોડ્યુલ શું છે ?
(A) પાઠનો નમૂનો (B) બાળકની ગાઈડ
(C) જુદા જુદા પ્રોજેક્ટ (D) અધ્યયન સામગ્રી

40 લઘુમતી શાળાના કર્મચારીએ રાજીનામું કોની સમક્ષ આપવું જોઈએ ?
(A) જિલ્લા શિક્ષણાધિકારી મારફત સંચાલક મંડળને
(B) શાળા સંચાલક મંડળને સીધેસીધું
(C) શાળા સંચાલક મંડળને રાજીનામું આપી, જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરવી ફરજિયાત છે
(D) શાળાના આચાર્યને સીધેસીધું

41 વિદ્યાસહાયકની ભરતીમાં કઈ લાયકાતવાળા શિક્ષક પર હાલ પ્રતિબંધ છે ?
(A) P.T.C. (B) A.T.D.
(C) C.P.E.D. (D) B.Ed.

StudySite.org

42 શાળા સંચાલનની પ્રક્રિયામાં મહત્ત્વનાં તત્ત્વો કયાં છે ?
(A) વહીવટ, વિકાસ, ઈતરપ્રવૃત્તિ (B) આયોજન, માર્ગદર્શન, સંકલન, મૂલ્યાંકન
(C) અનુકાર્ય, નિયંત્રણ, મૂલ્યાંકન (D) ભરતી, પેન્શન, પત્રકો, સામાજિક સંબંધો

43 ધોરણ 3 થી 6માં મૂલ્યાંકનની કઈ પદ્ધતિ હાલ અમલમાં આવી ?
(A) પ્રત્યક્ષ ગ્રેડિંગ પદ્ધતિ (B) પરોક્ષ ગ્રેડિંગ પદ્ધતિ
(C) સ્વ મૂલ્યાંકન પદ્ધતિ (D) સતત મૂલ્યાંકન પદ્ધતિ

44 ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ હેઠળ ઘડાયેલા વિનિયમોના અર્થઘટન સંબંધી પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે. બોર્ડની કુલ સભ્યસંખ્યા 60 છે. ઓછામાં ઓછા કેટલા સભ્યોની માગણી સાથે રાજ્ય સરકારને નિર્ણય માટે મોકલી શકાય ?
(A) 40 સભ્યો (B) 15 સભ્યો
(C) 20 સભ્યો (D) 30 સભ્યો



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

45 ધોરણ 6 અને 7માં વાર્ષિક પરીક્ષા પાસમાં કેટલા ગુણમાંથી ગુણ આપવામાં આવે છે ?

(A) 1700 ગુણ (B) 1500 ગુણ

(C) 1000 ગુણ (D) 700 ગુણ

46 વિલંબથી થતી શિક્ષક ભરતી બાળકના અભ્યાસને અસર કરે છે. નીચેનામાંથી કયો ઉપાય યોગ્ય ગણાશે ?

(A) વેકેશનમાં જ શિક્ષક ભરતી થઈ જવી જોઈએ

(B) કોઈ પણ વ્યક્તિની તુરત નિમણૂક કરવી

(C) જે તે ગામની નજીકના શિક્ષકની ભરતી કરવી

(D) મેરિટને ધ્યાનમાં ન લેવું

47 માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભામાં પ્રશ્નોત્તરી માટેનો સમયગાળો કેટલો નક્કી થયેલ છે ?

(A) ત્રણ કલાક (B) એક કલાક

(C) બે કલાક (D) કોઈ સમયમર્યાદા નથી

48 વિષયવસ્તુ માટે પ્રાથમિક શિક્ષકોને વાર્ષિક કેટલા કલાક સેવાકાલીન તાલીમ આપવામાં આવે છે ?

(A) 25 દિવસ (B) 15 દિવસ

(C) 26 દિવસ (D) 20 દિવસ

StudySite.org

49 પાળી પદ્ધતિથી શિક્ષણની ગુણવત્તા સુધરે છે કારણ કે

(A) કામના કલાકો વધે છે

(B) શિક્ષકોને કામની અનુકૂળતા રહે છે

(C) રાજ્ય સરકારને આર્થિક ફાયદો થાય છે

(D) ઉપરનામાંથી એક પણ નહીં

50 માધ્યમિક શિક્ષણ બોર્ડ શિક્ષણ સમિતિમાં બોર્ડના સભ્ય નથી એવી વ્યક્તિની નિમણૂક અંધિનિયમની કઈ કલમ અનુમોદન આપશે ?

(A) કલમ 18 (B) કલમ 17

(C) કલમ 20 (D) કલમ 19-2

51 પ્રાથમિક શિક્ષકની ભરતીનું સાચું ગુણાંકન જણાવો.

(A) ધો. 12 60% + P.T.C. 40% = 100%

(B) ધો. 12 30% + P.T.C. 70% = 100%

(C) ધો. 12 40% + P.T.C. 60% = 100%

(D) ધો. 12 50% + P.T.C. 50% = 100%



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

52 શાળાનાં પરિણામો નીચાં આવવાનું મુખ્ય કારણ શું છે ?

(A) તમામ વર્ગના બાળકોને અપાતો પ્રવેશ

(B) ગામડામાં આવેલ નાની શાળાઓ

(C) અસરકારક નિષ્ઠા સભર તાલીમ પામેલ શિક્ષકનો અભાવ

(D) મંદબુદ્ધિ ધરાવતા બાળકોનું વધારે પ્રમાણ

53 100% સાક્ષરતા ન થવાનું મુખ્ય કારણ જણાવો :

(A) સ્ત્રીઓનો ઓછો જન્મદર

(B) સામાજિક, રૂઢિગત રીતરિવાજનું વાલીનું માનસ

(C) ઉપલા ધોરણમાં સહ-શિક્ષણ આપતી શાળાઓ

(D) પોતાના બાળકને ભણાવવાની વાલીઓની તત્પરતા

54 વિદ્યાસહાયકની નિમણૂક માટે કઈ જગ્યાઓને ટોચ અગ્રતા આપવામાં આવે છે ?

(A) પે સેન્ટર શાળા
(B) 200થી વધારે બાળકોવાળી શાળા
(C) એક શિક્ષકવાળી શાળા
(D) કન્યા શાળા

55 ગુણવત્તા સુધારણા કાર્યક્રમમાં કઈ બાબત અસરકારક ગણાશે ?

(A) ગાઈડનો ઉપયોગ વધારે કરાવવો

(B) શિક્ષકોની સમસ્યા દૂર કરવી

(C) લેસન વધારે આપવું

(D) શિક્ષકોની સમજ આપતી સભાઓ વારંવાર કરવી

56 ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિમાયેલ સુપરવાઈઝરે અઠવાડિયામાં ઓછામાં ઓછું કેટલા કલાક શૈક્ષણિક કામ કરવું જોઈએ ?

(A) 12 કલાક
(B) 15 કલાક
(C) 14 કલાક
(D) 8 કલાક

57 પ્રાર્થના સભાનું ગુણવત્તા સુધારણમાં શા માટે મહત્ત્વ છે ?

(A) પ્રાર્થના ઈશ્વર તરફ લઈ જતી હોવાથી જ્ઞાન મળે છે

(B) તર્કશક્તિનો વધારો થાય છે

(C) ભજન સાંભળવાથી જ્ઞાન વધે છે

(D) જુદી જુદી બાબતોની અસરકારક રજૂઆતો થવાથી બાળકની સમજશક્તિ વધે છે



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

58 એક કર્મચારીના હિસાબમાં 120 અર્ધપગારી રજા જમા છે. તે મળવાપાત્ર રૂપાંતરિત રજા હક રજા સાથે જોડીને 240 દિવસ રજા ભોગવવા અરજી કરે છે. નીચેના પૈકી કઈ રીતે રજા મંજૂર કરી શકાય ?

(A) 120 દિવસ રૂપાંતરિત રજા તથા 120 દિવસ હક્ક રજા
(B) 60 દિવસ રૂપાંતરિત રજા તથા 180 દિવસ હક્ક રજા
(C) 235 દિવસ હક્ક રજા તથા 5 દિવસ રૂપાંતરિત રજા
(D) 180 દિવસ રૂપાંતરિત રજા તથા 60 દિવસ હક્ક રજા

59 પ્રાથમિક શિક્ષણમાં રાષ્ટ્રભાષા હિન્દીનું શિક્ષણ કયા ધોરણથી આપવામાં આવે છે ?

(A) ધોરણ 4થી
(B) ધોરણ 1થી
(C) ધોરણ 5થી
(D) ધોરણ 8થી

60 1 થી 7 ધોરણની શાળાને મકાન-ફર્નિચર મેન્ટેનન્સ માટે વાર્ષિક કેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે ?

(A) 1,000 રૂ.
(B) 5,000 રૂ.
(C) 4,000 રૂ.
(D) 7,500 રૂ.

61 એકમ કસોટી લેવાથી ઉત્તમ પરિણામ આવે છે, જો

(A) 15 દિવસે કસોટી લેવામાં આવે
(B) 1 માસે કસોટી લેવામાં આવે
(C) એકમ પૂરો થયા બાદ અઠવાડિયામાં કસોટી લેવામાં આવે
(D) લેસન આપવું એજ પૂરતું છે

StudySite.org

62 જ્ઞાનરથ પ્રોજેક્ટનો હેતુ કયો છે ?

(A) જ્ઞાનસભર પુસ્તકો વસાવવા
(B) જ્ઞાનવર્ધક સભાઓ કરવી
(C) રેડિયો વાર્તાલાપના પ્રોગ્રામ શાળામાં કરવા
(D) જિલ્લા, તાલુકા, શાળાઓને ઈન્ટરનેટ વિડિયો કોન્ફરન્સિંગ સુવિધાથી જોડવી

63 રજિસ્ટર માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળાઓના સ્ટાફના ખાનગી ટ્યુશન બાબતે કયો સુધારો અમલી બને છે ?

(A) અંશકાલીન અધ્યાપકીય સ્ટાફના ટ્યુશન પર
(B) પૂર્ણકાલીન અધ્યાપકીય સ્ટાફના ટ્યુશન પર
(C) બિનઅધ્યાપકીય સ્ટાફના ટ્યુશન પર
(D) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના ટ્યુશન પર



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

64 પીયરગ્રુપ લર્નિંગ માટે નીચેની કઈ બાબત યોગ્ય છે ?
(A) સમવયસ્ક બાળકોના કક્ષા પ્રમાણે ગ્રુપ પાડવા
(B) અલગ અલગ કક્ષાનાં બાળકોના ગ્રુપ પાડવા
(C) મૉનિટર નીચે બધાં બાળકોને રાખવા
(D) આવા ગ્રુપ પાડવાથી કોઈ લાભ થતો નથી

65 શિક્ષણની ગુણવત્તા નીચેના પૈકી કોને કહેશો ?
(A) શિક્ષણ લેનારને આત્મ સંતોષ થાય તેવું શિક્ષણ
(B) શિક્ષણ આપનારને આત્મસંતોષ થાય તેવું શિક્ષણ
(C) ઊંચી ટકાવારી મેળવી વિષય સમૃદ્ધ બનાવે તેવું શિક્ષણ
(D) વિષયની સજ્જતા, સારી ટેવોનું ઘડતર, સંસ્કારનો સમન્વય તે શિક્ષણ

66 રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો અમલ કઈ સાલથી થયો ?
(A) 1990 (B) 1988
(C) 1997 (D) 1982

67 વિનિયમ 27(અ) મુજબ રચાયેલ તપાસ સમિતિ કેટલા સભ્યોની બનેલી છે ?
(A) ચાર (B) ત્રણ
(C) પાંચ (D) એક પણ સાચું નથી.

68 રાષ્ટ્રીય શિક્ષણનીતિનું પ્રાથમિક શિક્ષણ માટેનું મુખ્ય ધ્યેય કયું છે ?
(A) સંતોષકારક પ્રાથમિક શિક્ષણ આપવું
(B) પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક બનાવવું
(C) શિક્ષણનાં સાધનો આપવા
(D) શિક્ષકોને તાલીમ આપવી

StudySite.org

69 ઉચ્ચ માધ્યમિક ગ્રાન્ટેડ વિભાગના વિજ્ઞાન પ્રવાહમાં ધો. 11માં માસિક કેટલી ફીની જોગવાઈ છે ?
(A) 40 રૂપિયા (B) 50 રૂપિયા
(C) 60 રૂપિયા (D) 45 રૂપિયા

70 રમત દ્વારા શિક્ષણનો અભિપ્રાય નીચેના પૈકી કયા શિક્ષણવિદે આપેલ છે ?
(A) ડૉ. રવિન્દ્ર દવે (B) ડૉ. મોન્ટેસોરી
(C) ફ્રેડરીક ફ્રોબેલ (D) ડૉ. રાધાકૃષ્ણન્

71 "રોજગાર સમાચાર" નીચેના પૈકી કઈ સંસ્થાનું પ્રકાશન છે ?
(A) રોજગાર નિયામકની કચેરી (B) માહિતી નિયામકની કચેરી
(C) વ્યવસાઈ માર્ગદર્શન સંસ્થા (D) સમાજકલ્યાણ નિયામકની કચેરી



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

72 ''માધ્યમિક શિક્ષા આયોગ'' કોને કહે છે ?

(A) મુદાલીયાર કમિશન (B) કોઠારી કમિશન

(C) ડૉ. રાધાકૃષ્ણન્ કમિશન (D) રામમૂર્તિ કમિશન

73 ગુજરાતમાં ધો. 8માં કયા વર્ષથી નવો અભ્યાસક્રમનો અમલ થયો ?

(A) જૂન 2004 (B) જૂન 2002

(C) જૂન 2005 (D) જૂન 2003

74 2001માં ભારતનો અને ગુજરાતનો સાક્ષરતા દર કેટલો હતો ?

(A) 62.3 ભારત, 66.2 ગુજરાત (B) 65.38 ભારત, 69.97 ગુજરાત

(C) 60.1 ભારત, 72.9 ગુજરાત (D) 67.2 ભારત, 70.2 ગુજરાત

75 ''મિનિમમ લેવલ ઑફ લર્નિંગ'' કાર્યક્રમ ક્યારે અમલમાં આવ્યો ?

(A) 1996 (B) 1995

(C) 1987 (D) 1992

76 જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (DPEP)નું મુખ્ય ધ્યેય શું છે ?

(A) 100% નામાંકન અને સ્થાયીકરણ

(B) ગુણવત્તાવાળું શિક્ષણ

(C) વ્યવસાય તાલીમ સજ્જ બાળક

(D) શાળા પ્રવેશ ઉત્સવ

77 શાળા છોડી ગયેલ ફરજિયાત વયજૂથનાં બાળકોને પુનઃ શાળામાં સ્થાપિત કરવા માટે કઈ વ્યવસ્થા છે ?

(A) ફરતી શાળા વ્યવસ્થા (B) બે શિક્ષકવાળી શાળા વ્યવસ્થા

(C) વૈકલ્પિક શાળા વ્યવસ્થા (D) વાલીને દંડ કરવાની વ્યવસ્થા

78 તા. 30-6-99ના ઠરાવ અનુસાર નવી ગ્રાન્ટ નીતિમાં શાળા કક્ષાએ નિભાવ ફીનું ધોરણ નક્કી કરવા સમિતિની રચનાની જોગવાઈ છે. જેમાં નીચેના પૈકી કોણ સભ્ય નથી ?

(A) સંચાલક મંડળના પ્રતિનિધિ (B) વિદ્યાર્થીના પ્રતિનિધિ

(C) વાલીમંડળના પ્રતિનિધિ (D) જિલ્લા શિક્ષણાધિકારી પ્રતિનિધિ

79 જિલ્લા પંચાયત હસ્તકની શાળામાં શિક્ષકોની નિમણૂક માટેની જોગવાઈ મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમમાં નિર્દેશ કરેલ છે ?

(A) કલમ - 19 (B) કલમ - 20

(C) કલમ - 21 (D) કલમ - 23



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

80 કેન્દ્રવર્તી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકની પરચૂરણ રજા મંજૂર કરવાની સત્તા કોને છે ?
(A) તાલુકા કેળવણી નિરીક્ષક (B) હાજરી નિરીક્ષક
(C) બીટ નિરીક્ષક (D) સી.આર.સી.

81 માધ્યમિક શિક્ષણ વિનિયમ 28(1) પ્રમાણે પૂર્ણકાલીન શિક્ષકે જરૂરિયાત પ્રમાણે દરરોજના વિરામના સમય બાદ કરતા અઠવાડિયાના કેટલા કલાક સુધી શાળા સમય દરમિયાન શાળામાં હાજર રહેવું જોઈએ ?
(A) 21 કલાક (B) 24 કલાક
(C) 30 કલાક (D) 27 કલાક

82 ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ 3માં વર્ગ ''ખ''માં ચૂંટાયેલા સભ્યો પૈકી કયા સભ્યોની ચૂંટણી બૉર્ડ દ્વારા યોજવામાં આવતી નથી ?
(A) ''ખ'' વર્ગના ખંડ (2)ના સભ્યોની
(B) ''ખ'' વર્ગના ખંડ (7)ના સભ્યોની
(C) ''ખ'' વર્ગના ખંડ (9)ના સભ્યોની
(D) ''ખ'' વર્ગના ખંડ (10)ના સભ્યોની

83 ઉત્તર બુનિયાદી શિક્ષણ આપતી રજિસ્ટર થયેલી કોઈ ખાનગી શાળા બોર્ડની પૂર્વ પરવાનગીથી શાળાના તમામ સ્ટાફ માટે નોકરીની શરતો વિનિયમોને સુસંગત કરે તો કાયદેસર ગણાય તેવું અધિનિયમની કઈ કલમમાં જણાવેલ છે ?
(A) કલમ 30 (B) કલમ 34(2)
(C) કલમ 32 (D) કલમ 35

StudySite.org

84 શાળા સંચાલક મંડળના સભ્ય સાથે સગપણ ધરાવતી વ્યક્તિ શિક્ષક તરીકે પસંદ થાય તો તેની જાણ પસંદગી સમિતિને હોય તો પસંદગી સમિતિએ શું કાર્યવાહી કરવાની રહે ?
(A) પસંદગી નિયમોનુસાર હોઈ કંઈ કરવાનું રહેતું નથી
(B) પસંદ થયેલ શિક્ષક પછીના ક્રમે આવતા શિક્ષકને પસંદ કરવા
(C) પસંદગી સમિતિમાં બોર્ડના પ્રતિનિધિ હોઈ તેની મંજૂરી લેવી
(D) બોર્ડના અધિકૃત અધિકારીની મંજૂરી મેળવવી

85 પ્રાથમિક શાળાઓને સાધન સંપન્ન બનાવવા માટે કેન્દ્ર સરકારની કઈ યોજના છે ?
(A) ઓપરેશન બ્લેકબોર્ડ (B) વિદ્યાસહાય ભરતી યોજના
(C) વિદ્યાલય યોજના (D) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના

86 રાષ્ટ્રીય શિક્ષણનીતિનો કયો ધ્યેય 2000 સુધીમાં પૂરો ન થયો ?
(A) ફરજિયાત પ્રવેશ
(B) 6થી 14 વર્ષની વયના બાળકની 100% ભરતી સાથે ગુણવત્તાલક્ષી સ્થાયીકરણ
(C) તાલીમી શિક્ષકોની પૂરી ભરતી ન થઈ
(D) શાળાઓ અપગ્રેડ ન થઈ શકી



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

87 સર્વશિક્ષા અભિયાનનું ધ્યેય કઈ સાલમાં પૂરું કરવાનું છે ?

(A) 2012 (B) 2001

(C) 2015 (D) 2010

88 જેન્ડર એજ્યુકેશનનો ધ્યેય શું છે ?

(A) શાળા પ્રવેશ ઉત્સવ

(B) કુમાર-કન્યાને શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર

(C) ફરજિયાત શિક્ષણનો અમલ કરવો

(D) કન્યા કેળવણીનો અભાવ

89 SSA અને DPEP અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ મહત્ત્વની સમિતિઓ છે ?

(A) બે (B) પાંચ

(C) ત્રણ (D) ચાર

90 ભાર વિનાનું ભણતર કયા પ્રકારની શિક્ષણ પ્રણાલી છે ?

(A) પ્રોજેક્ટ પદ્ધતિ (B) મોન્ટેસોરી પદ્ધતિ

(C) ક્રિયા દ્વારા શિક્ષણ પ્રણાલી (D) સ્વ અધ્યયન પદ્ધતિ

StudySite.org

91 રાજ્યકક્ષાએ શિક્ષકોને સેવાકાલીન તાલીમ યોજતી સંસ્થા કઈ છે ?

(A) DIET (B) SSA

(C) GCERT (D) NCERT

92 NPEGELનો અમલ ક્યારથી થયો ? (નેશનલ પ્રોગ્રામ ફોર એજ્યુકેશન ઑફ ગર્લ્સ એલીમેન્ટરી લેવલ)

(A) 30 જાન્યુઆરી 2001 (B) 15 ઑગસ્ટ 2003

(C) 26 જાન્યુઆરી 2002 (D) 15 ઑગસ્ટ 1947

93 શિક્ષણ ક્ષેત્રે નિરીક્ષક અધિકારી અજબ ઉત્ક્રાંતિ લાવી શકે. તેનો આધાર નીચેના પર છે.

(A) વાલી-વિદ્યાર્થીઓની મિટિંગ ભરવામાં આવે

(B) શિક્ષકોની ખામીયુક્ત બાબતોની ચર્ચા કરવામાં આવે

(C) શૈક્ષણિક દૃષ્ટિ અને આચાર્ય સાથેના વર્તન વ્યવહાર પર

(D) જી. આર. અને પત્રકોમાં રહેલ ખામીનું માર્ગદર્શન આપવામાં આવે



StudySite.org StudySite.org

StudySite.org StudySite.org

94 પ્રાથમિક શિક્ષણના મુખ્ય અવરોધક પરિબળો કયાં છે ?

(A) પૂરતા વર્ગખંડ અને વાંચનાલયનો અભાવ

(B) અપવ્યય અને સ્થગિતતા

(C) શાળા વિનાનાં રહેઠાણો અને રહેઠાણ નજીક શાળાનો અભાવ

(D) પૂરતા શિક્ષકો અને સાધન સગવડનો અભાવ

95 ઉત્તમ શિક્ષણ બનાવવા નીચેનામાંથી કયા સંબંધો વધુ ઉપયોગી બનશે ?

(A) વિદ્યાર્થી-વિદ્યાર્થી સંબંધો

(B) વિદ્યાર્થી-શિક્ષક સંબંધો

(C) ઘર, શાળા, વાલી, શિક્ષક સંબંધો

(D) શાળા અને સમાજના સંબંધો

96 જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પ્રાથમિક શિક્ષણ ધારાની કઈ કલમથી શિક્ષકોની બદલી કરવાના અધિકાર મળ્યા છે ?

(A) કલમ-23 (B) કલમ-22

(C) કલમ-20 (D) કલમ-24

97 'માનવીના વિકાસ માટે બુદ્ધિની તીવ્રતાની સાથે જ હૃદયની સંવેદનશીલતા આવશ્યક છે." આ કયા શિક્ષણકારનું વાક્ય છે ?

(A) ગિજુભાઈ બધેકા (B) જે. કૃષ્ણમૂર્તિ

(C) ડૉ. રાધાકૃષ્ણન્ (D) ડૉ. મુદાલીયાર

98 દરેક સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પોતાના શાળામંડળની રચના કરવાનો અધિકાર મળ્યો. આધાર જણાવો.

(A) 1923ના ધારાથી

(B) 1911ના વર્નાક્યુલર પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો માટેનો ધારા સંગ્રહ

(C) 1947ના પ્રાથમિક શિક્ષણ ધારાથી

(D) 1951 પ્રાથમિક શિક્ષકો માટેના કોડથી

99 બોર્ડના વતી પરીક્ષાનું સંચાલન કરવા નિમાયેલ વ્યક્તિ એટલે

(A) મોડરેટર (B) પરીક્ષક

(C) પરીક્ષા સંચાલક (D) કો-ઓર્ડિનેટર

100 માધ્યમિક શાળાનું રજિસ્ટ્રેશન બોર્ડ અધિનિયમની કઈ કલમના આધારે કરે છે ?

(A) કલમ 26-3 (B) કલમ 29-2

(C) કલમ 30-1 (D) કલમ 31



StudySite.org StudySite.org

StudySite.org
StudySite.org

# રફ કામ માટેની જગ્યા

StudySite.org



StudySite.org
StudySite.org